ગૃહ વિભાગના નિયંત્રણ હેઠળની ખાતાના વડાની કચેરીઓ માટે વાહનો ખરીદવા સમિતિની રચના કરવા બાબત

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક-એમપીએફ/૧૦૨૦૧૭/૧૧૬૩/વ,
સચિવાલય,ગાંધીનગર.
તા.૧૧/૦૨/૨૦૧૯

પ્રસ્તાવના:-

ગૃહ વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાની કચેરી તથા તેઓના તાબાની કચેરીઓના ઉપયોગ સારૂ વાહનોની ખરીદીની પ્રક્રિયા હાલ ખાતાના વડાના પરામર્શમાં ગૃહ વિભાગની સબંધિત વહીવટી શાખા દ્વારા હાથ ધરવામા આવે છે. હાલની વાહન ખરીદી પ્રક્રિયાને વધુ સરળ અને ઝડપી બનાવવા વિભાગ હસ્તકના ખાતાના વડા તથા તેઓના તાબા હેઠળની કચેરીઓના ઉપયોગ સારૂ ખરીદવામા આવતા તમામ વાહનો ખરીદવાની કામગીરી અલગ –અલગ વહીવટી શાખાઓમાં ન કરતાં કોઇ એક જ જગ્યાએથી ખરીદીની પ્રક્રિયા થાય જેથી વાહનોની ખરીદી એકસાથે થવાથી ભાવના વ્યાજબીપણા, જથ્થાબંધ ખરીદીના લાભો તથા ખરીદીની બાબતમા એકસૂત્રતા જળવાય તે માટે વિભાગ હસ્તકના મુખ્યત્વે નીચેના ખાતાના વડાની દરખાસ્તો સંયુક્ત રીતે રજૂ થાય અને ખરીદી અંગેની કાર્યવાહી સંકલિત રીતે હાથ ધરવામા આવે તે મુજબની કાર્યવ્યવસ્થા અમલમાં મૂકવાની બાબત વિચારણા હેઠળ હતી.

| ક્રમ | ખાતાના વડાની કચેરી |
|---|---|
| (૧) | પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર/ અધિક પોલીસ મહાનિદેશક (P&M), ગુજરાત રાજ્ય, ગાંધીનગર |
| (૨) | પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી ગુજરાત રાજ્ય, અમદાવાદ |

Scanned with CamScanner

| | |
|---|---|
| (૩) | કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડસ, અમદાવાદ |
| (૪) | નિયામકશ્રી, નાગરિક સંરક્ષણ, અમદાવાદ |
| (૫) | નિયામકશ્રી, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ, અમદાવાદ |

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે ગૃહ વિભાગ હસ્તકના ઉપરોક્ત ખાતાના વડા તથા તેઓના તાબા હેઠળની કચેરીઓના ઉપયોગ સારૂ ખરીદવામાં આવતા તમામ પ્રકારના વાહનોની નિયત દરખાસ્તની પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે/અધિક પોલીસ મહાનિદેશક (P&M), ગુજરાત રાજ્ય, ગાંધીનગરે સંપૂર્ણ ચકાસણી કરી અને તેમના સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સહિતની દરખાસ્ત ગૃહ વિભાગની સબંધિત વહીવટી શાખાને મોકલી આપવાની રહેશે.

ઉપરોક્ત સમિતિમાં જે કચેરી દ્વારા વાહન ખરીદવાના હોય તે અંગેની બજેટ જોગવાઇ તથા તેને આનુષાંગિક કાર્યવાહી ગૃહ વિભાગની સબંધિત વહીવટી શાખાએ પૂર્ણ કર્યા બાદ દરખાસ્ત 'વ' શાખાને મોકલી આપવાની રહેશે.

જે કચેરીની વાહનો ખરીદવાની દરખાસ્ત હોય તે કચેરીના વડાએ સદરહું Departmental Purchase Committee (D.P.C)/Secretariat Departmental Purchase Committee (S.D.P.C)/ Secretariat Purchase Committee (S.P.C)ની બેઠકમાં હાજર રહેવાનું રહેશે.

આ બાબતે ઉદ્યોગ અને ખાણ વિભાગ, નાણા વિભાગ અને બંદરો અને વાહન વ્યવહાર વિભાગની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

HAShrimali

(હેમંત શ્રીમાળી)
સેક્શન અધિકારી,
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

Scanned with CamScanner

- અંગત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક સચિવ, સર્વે સંયુક્ત/ નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડાશ્રીઓ (D.G.P.શ્રીની કચેરી મારફતે) સહિત, અમદાવાદ, ગાંધીનગર
- સર્વે શાખાઓ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારી/નાયબ સેકશન અધિકારી/શાખા સિલેકટ ફાઇલ.

Scanned with CamScanner